Marengo CIMS Hospital

# CIMS Cancer Care

Volume-6 | Issue-60 | April 25, 2024

Price : ₹ 5/-



CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-60 | April 25, 2024

# ડર ગયા સો મર ગયા



**DR ASHOK PATEL**

*MS*
*Consultant Cancer Surgeon*
*Mo. +91 98250 20544*
*ashok.patel@marengoasia.com*

**મિત્રો, કેન્સર રોગનું નામ સાંભળીને પેશન્ટ અને સગાઓ ના હોશ ઉડી જાય છે, બધા નર્વસ થઈ જાય છે ટેન્શનમાં આવીને દોડા દોડી કરે છે અને ઘણીવાર ખોટા નિર્ણયો લઈ લે છે, જે દર્દીનું હિત કરવા કરતાં અહિત વધારે કરે છે.**

**તો ચાલો આપણે આજે કેન્સર વિશેની લોકમાન્યતામાં પ્રવર્તતી મિથ્યા વાતોનું ખંડન કરીને સાચી વાતો જાણીએ.**

**પ્રશ્ન:- શું કેન્સર રોગ જીવલેણ છે ?**

**જવાબ:-** ભગવાને આપણું મનુષ્ય શરીર એવું બનાવ્યું છે કે તેમાં કોઈપણ જાતની ગરબડ થાય તો તે સંપૂર્ણ શરીરને અસર કરે છે.

અમુક રોગો આનુવંશિક છે જેમાં આપણો કોઈ ફાળો નથી જેને આપણે રોકી શક્તા નથી જ્યારે અમુક રોગો આપણી જીવન પધ્ધતિ સાથે વણાયેલા છે જેમાં આપણે મહદઅંશે જવાબદાર હોઈએ છીએ. કોઈપણ માણસને નિરોગી શરીર એ જ મોટી મૂડી ગણાવી શકાય. આપણામાં કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા.

ટૂંકમાં કેન્સર એક જ એવો રોગ નથી કે જે જીવલેણ છે. શરીરના ઘણા બધા રોગ જીવલેણ છે જો યોગ્ય સારવાર ન થાય તો.

**પ્રશ્ન:- શું કેન્સર વારસાગત છે ?**

**જવાબ:-** બધા જ કેન્સર વારસાગત નથી. અમુક કેન્સરમાં આનુવંશિક પરીબળો કામ કરે છે જેમાં પેશન્ટના વારસદાર ને કેન્સર થવાની શક્યતા બીજા લોકો કરતાં વધારે હોય

**પ્રશ્ન:- શું કોઈપણ માણસને કેન્સર થઈ શકે ?**

**જવાબ:-** માનવ શરીરમાં ૨૦૦ થી વધારે પ્રકારના કેન્સર થાય છે. કેન્સર નાના બાળકથી વૃધ્ધ કોઈને પણ થઈ શકે છે.

**પ્રશ્ન:- કેન્સરનું નિદાન કેવી રીતે થાય છે ?**

**જવાબ:-** કેન્સર રોગ રાતો રાત ચોરીછૂપી થી આવતો નથી કુદરતી રીતે આપણા શરીરમાં થતી નોર્મલ પ્રક્રિયામાં કોઈપણ ગરબડ થાય તો તરત જ નિષ્ણાત ડોકટર પાસે તપાસ અને સારવાર કરાવવી જોઈએ.

દા.ત કોઈપણ વ્યક્તિનું અચાનક વજન ઓછું થાય, ભૂખ ઓછી લાગે, ખોરાક ઉતારવામાં તકલીફ પડે, તો તરત જ તપાસ કરાવવી જોઈએ. કોઈપણ માણસને સારવાર કરવા છતાં લાંબાગાળાની ખાંસી જો ન મટતી હોય તો તપાસ કરાવવી જોઈએ, ગળફામાં લોહી આવે તો તરત જ નિષ્ણાત પાસે જવું જોઈએ. ઝાડા અને પેશાબમાં ફેરફાર થાય અથવા લોહી પડે તો આગળની તપાસ કરાવીને નિદાન કરાવવું હિતાવહ છે.

બહેનોને સ્તનમાં ગાંઠ થાય, નીપલમાં લોહીનો સાવ આવે અથવા માસિક ધર્મ બંધ થયા પછી લોહી પાછું ચાલુ થાય તો -તરત નિષ્ણાત ની સારવાર લેવી જોઈએ.



જો તમે તમાકું, સોપારીનું સેવન કરતા હોય અને મોં ઓછું ખૂલે, મોં માં ચાંદી પડે, ગળામાં ગાંઠ જેવું લાગે તો તરત જ કેન્સર નિષ્ણાતને મળવું જોઈએ.

બીડી, તમાકુંના સેવન કરતી વ્યક્તિને અવાજ બેસી જાય, મોં ગળામાંથી લોહી નીકળે તો તરત જ કેન્સર રોગ વિશેષજ્ઞને મળવું જોઈએ.

મિત્રો, ઉપરના દરેક લક્ષણોમાં કેન્સર જ હોય તેમ માનવાની જરૂર નથી પરંતું ગભરાયા વગર શારીરીક તપાસ કરાવવાથી -વહેલું નિદાન થાય છે

Volume-6 | Issue-60 | April 25, 2024

અને રોગ મટવાની શક્યતાઓ ઘણી વધી જાય છે.

**પ્રશ્ન:- જો કેન્સરનું નિદાન થાય તો શું કરવું જોઈએ ?**

-જવાબ:- શરીરના કોઈપણ ભાગમાં કેન્સરનું નિદાન થાય તો બિલકુલ ગભરાયા વગર કેન્સર નિષ્ણાત ડૉક્ટરને મળીને રોગનું સ્ટેજ અને સારવાર ની પધ્ધતિ જાણવી જોઈએ, બની શકે કે આપનું કેન્સર પહેલા સ્ટેજનું હોય અને તે મટવાની શક્યતાઓ ઘણી બધી જાય છે. નિષ્ણાત ડોક્ટર આપને કેન્સરની પ્રવર્તમાન અને વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલ સારવાર પધ્ધતિઓ સમજાવશે.

અત્યારે સારવાર માટે મુખ્યત્વે: સર્જરી, રેડીયોથેરાપી, કીમોથેરાપી, હોરમોન થેરાપી અને ઈમ્યુનોથેરાપીની સારવાર પધ્ધતિઓ ઓ ઉપલબ્ધ છે.

ગભરાયા વગર સારવાર વહેલામાં વહેલી તકે શરૂ કરવી જોઈએ, અને સારવાર ના કોઈપણ તબકકે હિંમત ન હાર્યા, ડર્યા વગર સંપૂર્ણ સારવાર લેવી જોઈએ.

ભ્રામક જાહેરાતો અને વૈજ્ઞાનિક તથ્ય વગરની વાતોમાં સપડાયા વગર ખૂબ જ હિમંતથી સારવાર કરવાથી રોગમુક્ત અથવા લાંબુ આયુષ્ય તકલીફ વગર મળી શકે છે.

**પ્રશ્ન:- શું કેન્સર સારવાર પૂરી થયા પછી ફરી થઈ શકે ?**

જવાબ:- કેન્સર જ નહી પરંતું કોઈપણ રોગની દા.ત. બ્લડ પ્રેશર, ડાયાબીટીસ, કિડનના, લીવર ના રોગો વગેરેમાં નિયમિત અને લાંબી (કદાચ જીવન પર્યંત) સારવાર લેવી પડે છે તેવી રીતે જો કેન્સરનું નિદાન વહેલા સ્ટેજમાં થાય તો સંપૂર્ણ વૈજ્ઞાનિક સારવાર નિષ્ણાત પાસે લેવાથી મટી શકે છે અને લાંબુ જીવન તકલીફ વગર જીવી શકાય છે.

કેન્સર ફરીથી થવાનો આધાર, સારવારનું સ્ટેજ, રોગની તાસીર, ઉંમર વગેરે પરિબળો પર આધારિત છે.

અફવાઓ, મનઘડત વાતો અને લેભાગું લોકોની વાતોમાં આવ્યા વગર, ડર વગર સારવાર લેવી જોઈએ. પુરા વિશ્વમાં લાખો લોકો સંપૂર્ણ સારવાર પછી નોર્મલ જીવન જીવી રહ્યા છે. તેથી કેન્સરનું નિદાન થાય તો જીવનનો(દુનિયાનો) અંત આવતો.

**પ્રશ્ન:- નોર્મલ વ્યક્તિઓએ કેન્સરથી બચવા શું સાવધાની રાખવી જોઈએ ?**

**જવાબ:-**

- નિયમિત શારીરીક તપાસ (નિષ્ણાત ડોક્ટર પાસે)
- તમાકું, બીડી, દારૂ, સોપારીનો સદંતર ત્યાગ કરવો
- વજનને કાબૂમાં રાખવું, સ્થૂળતા ધણા બધા રોગોનું ઘર છે.
- આરોગ્યપ્રદ ખોરાકનું સેવન કરવું
- નિયમિત શારીરીક વ્યાયામ, યોગ કરવા.

**સચોટ નિદાન, સંપૂર્ણ વૈજ્ઞાનિક સારવાર, શરૂઆતના તબકકે જરૂરી છે.**

**ડર ગયા સો મર ગયા.**



CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-60 | April 25, 2024

# મ્સ હોસ્પિટલે મલ્ટીપલ માયલોમાના નિદાન અને સારવાર અંગે જાગૃતિ ફેલાવવા અભિયા



**DR ANKIT JITANI**

*MBBS, MD, DM*
*(Clinical Hematology) A.FAMS*
*Consultant Hematology, Blood & Marrow Transplant*
*Mo. +91 87946 01030*
*ankit.jitani@marengoasia.com*

**માયલોમા એક પ્રકારનું કેન્સર છે જે પ્લાઝમા કોષોને પ્રતિકૂળ અસર કરે છે.**

**ટાર્ગેટેડ થેરાપી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ દ્વારા ખૂબ સારી સારવાર શક્ય છે.**

મલ્ટીપલ માયલોમા એ એક રોગ છે જે એક પ્રકારના રક્ત કોશિકાઓને અસર કરે છે, એટલે કે પ્લાઝમા કોશિકાઓ, જે અસ્થિ મજ્જામાં જોવા મળે છે. સામાન્ય રીતે આ કોષો ખૂબ જ ઓછી સંખ્યામાં હાજર હોય છે અને શરીરને રોગોથી બચાવવા માટે એન્ટિબોડીઝ ઉત્પન્ન કરે છે.પરંતુ મલ્ટિપલ માયલોમાના કિસ્સામાં, આ કોષોની સંખ્યા અનિયંત્રિત થઈ જાય છે, જે શરીરમાં વધુ પડતી માત્રામાં ફેલાય છે અને અસામાન્ય પેરાપ્રોટીન ઉત્પન્ન કરે છે. જો કે આ રોગના લક્ષણો મુખ્યત્વે 50 વર્ષની ઉંમર પછી દેખાય છે, આપણા દેશમાં યુવાન દર્દીઓમાં છૂટાછવાયા કેસો પણ નોંધાયા છે

કોષોની સંખ્યામાં અસાધારણ વધારો થવાને કારણે નિયમિત આરોગ્ય તપાસમાં નીચું હિમોગ્લોબિન સ્તર જોવા મળે છે, જે ખાસ કરીને 50 વર્ષથી વધુ ઉંમરના દર્દીઓમાં જોવા મળે છે. તેના લક્ષણોમાં શરીરમાં દુખાવો, મોટાભાગે પીઠના નીચેના ભાગમાં દુખાવો, અસ્થિભંગના જોખમ સાથે નબળા હાડકાં (લીટીક જખમ), વધારે કેલ્શિયમને કારણે થાક લાગવો, ડિહાઇડ્રેશન, કબજિયાત, દુખાવો અને દુખાવોનો સમાવેશ થાય છે.

વધુ પડતું પ્રોટીન લેવાથી કિડનીને નુકસાન થાય છે, ક્રિએટિનાઇનનું સ્તર વધે છે અને ચેપનું જોખમ પણ વધે છે, જેમ કે વારંવાર તાવ, શ્વસન માર્ગમાં ચેપ, ન્યુમોનિયા, યુરિન ઇન્ફેક્શન વગેરે.

CBC જેવા સાદા રક્ત પરીક્ષણો ઉપરાંત, ક્રિએટિનાઇન, કેલ્શિયમ, સીરમ પ્રોટીન ઇલેક્ટ્રોફોરેસીસ (એસપીઇપી) અને અસ્થિ ઇમેજિંગ જેવા પરીક્ષણો રોગ શોધી શકે છે. અસ્થિમજ્જાની તપાસ સહિત કેટલાક વિશેષ પરીક્ષણોની મદદથી આ રોગની પુષ્ટિ થાય છે.

**ડૉ. અંકિત જીતાણી, કન્સલ્ટન્ટ, હેમેટોલોજી, હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ, મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, કહે છે,** “મલ્ટીપલ માયલોમાની સારવાર લક્ષિત ઉપચાર દ્વારા કરવામાં આવે છે. તેની સારવારમાં ખૂબ જ ઓછી માત્રામાં કીમોથેરાપી અથવા રેડિયેશનનો ઉપયોગ થાય છે. આ રોગની સારવારમાં મોટે ભાગે મૌખિક દવાઓ અને ચામડીની નીચે ઇન્જેક્શનનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આ થેરાપી ડે-કેરના આધારે આપવામાં આવે છે અને દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી. હકીકતમાં, થોડા મહિના પછી, આ ઉપચાર દર્દીને ઘરે સરળતાથી આપી શકાય છે. લક્ષિત ઉપચાર દ્વારા રોગને નિયંત્રિત કર્યા પછી, વધુ સારા પરિણામો માટે ઓટોલોગસ સ્ટેમ સેલ અથવા બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ (દર્દીના સ્ટેમ સેલનો ઉપયોગ કરીને) કરવામાં આવે છે.”

ઑટોલોગસ સ્ટેમ સેલ અથવા બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ એ કોઈ શસ્ત્રક્રિયા નથી, પરંતુ તે તબીબી સારવારની એક વિશેષ પદ્ધતિ છે. બહુવિધ માયલોમાના કિસ્સામાં તેનો ઉપયોગ કરવાથી પરિણામોમાં 20% સુધી સુધારો થઈ શકે છે. બીજા અને ત્રીજા તબક્કાની સારવારના ઊંચા ખર્ચને ધ્યાનમાં લેતા, ઓટોલોગસ સ્ટેમ સેલ અથવા બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ લાંબા ગાળે સારવારની ખૂબ જ ખર્ચ-અસરકારક પદ્ધતિ સાબિત થાય છે.

સારવારની ઉપરોક્ત પદ્ધતિઓની મદદથી, રોગને સારી રીતે નિયંત્રિત કરી શકાય છે અને દર્દીનું જીવન બચાવી શકાય છે. વાસ્તવિક દુનિયાના ડેટા દર્શાવે છે કે, જ્યારે સારી સારવાર કરવામાં આવે છે, ત્યારે અડધા દર્દીઓ એક દાયકા કરતાં વધુ સમય સુધી જીવિત રહે છે. મલ્ટિપલ માયલોમા માટે સારવાર પદ્ધતિઓ ઝડપથી વિકસિત થઈ રહી છે; તેના દર્દીઓને નિષ્ણાત અને જાણકાર હિમેટોલોજિસ્ટ અથવા હેમેટો-ઓન્કોલોજિસ્ટ પાસેથી સારવાર લેવાની સલાહ આપવામાં આવે છે.

અસ્થિ મજ્જા ટ્રાન્સપ્લાન્ટનો ઉપયોગ સામાન્ય રીતે વિવિધ રોગોની સારવાર માટે થાય છે, જેમાં લ્યુકેમિયા, લિમ્ફોમા અને માયલોમા તેમજ રક્ત અને રોગપ્રતિકારક તંત્રને લગતા અન્ય રોગોનો સમાવેશ થાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારતમાં બોન મેરો ટ્રાન્સપ્લાન્ટના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે અને દેશમાં દર વર્ષે અંદાજે 2,500 થી 3000 દર્દીઓ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટમાંથી પસાર થાય છે. ભારતમાં બ્લડ સ્ટેમ સેલ દાતાઓની સૌથી મોટી રજિસ્ટ્રી DATRI સાથે નોંધાયેલા દાતાઓની સંખ્યા 5,47,418 કરતાં વધુ છે. DATRI સંભવિત બ્લડ સ્ટેમ સેલ દાતાઓનો એક વિશાળ અને વૈવિધ્યસભર ડેટાબેઝ બનાવવાની દિશામાં કામ કરી રહ્યું છે, જેથી વિશ્વમાં ગમે ત્યાં બ્લડ સ્ટેમ સેલની જરૂરિયાત ધરાવતા કોઈપણ દર્દીને સરળતાથી મળી શકે.

CIMS Cancer Care
Marengo CIMS Hospital
Volume-6 | Issue-60 | April 25, 2024




Marengo CIMS Hospital
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
Email: marengocims.info@marengoaisa.com
JCI (USA) NABH ACC
For emergency or appointment,
1800 309 9999

CIMS Cancer Care
Marengo CIMS Hospital
Volume-6 | Issue-60 | April 25, 2024

JCI (USA)

ONE HEART
ONE LIFE
ONE DESTINATION
CARDIAC SCIENCE
MARENGO CIMS HOSPITAL

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ
## ટ્રાન્સપ્લાન્ટમાં ભારતભરમાં અગ્રેસર

# 50 મું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ

માર્ચ 06, 2024



## ધબકતું હૃદય અને જિંદગીની અમૂલ્ય ભેટ આપનાર દરેક ડોનરને દિલથી સલામ !

### ભારતની સૌથી વિશાળ હાર્ટ કેર નિષ્ણાંતોમાંની એક ટીમ

**કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન્સ/ હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન સર્જન્સ**

ડો. ધીરેન શાહ (ડિરેક્ટર) | ડો. ધવલ નાયક | ડૉ. અમિત ચંદન | ડો. કિશોર ગુપ્તા | ડો. નિકુંજ વ્યાસ | ડો. શૌનક શાહ | ડૉ. પ્રણવ મોદી

**હાર્ટ ફેલ્યોર અને ટ્રાન્સપ્લાન્ટ કાર્ડિયોલોજિસ્ટ્સ**

ડો. તેજસ વી. પટેલ | ડૉ. સત્ય ગુપ્તા | ડો. ઉર્મિલ શાહ | ડો. અનીશ ચંદારાણા | ડો. કેયુર પરીખ | ડો. મિલન ચગ | ડો. અજય નાયક | ડો. હેમાંગ બક્ષી | ડો. હિરેન કેવડીયા | ડો. વિપુલ કપૂર | ડો. કશ્યપ શેઠ

**હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયોલોજિસ્ટ એન્ડ ઈન્ટેન્સિવિસ્ટ**

ડો. નિરેન ભાવસાર | ડો. હિરેન ધોળકિયા | ડો. ચિંતન શેઠ

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં

# કેશલેસ સેવાઓ

## હવે ઉપલબ્ધ



**જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત**

**અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેકટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થેકર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેકટર અન્ડરટેકિંગ (PSU)

- એરફોર્સ સ્ટેશન - વડસર*
- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- **સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (GSFC)
- **ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)**
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગર (IIT-GN)
- ઈન્કમ ટેકસ ડિપાર્ટમેન્ટ
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)**
- **ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)**
- ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRCTC)
- **ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)**
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- **ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે,)**
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- રાજકોટ નાગરિક સહકારી બેંક (RNSB)*
- **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)**
- **વેસ્ટર્ન રેલ્વે**

* **ટાઈ-અપ્સ મુજબ રિમ્બર્સમેન્ટ સુવિધા**

India's **New Destination** For Transplants ▪ Heart ▪ Liver ▪ Kidney ▪ Lung ▪ Paediatric BMT

CIMS Cancer Care

Volume-6 | Issue-60 | April 25, 2024

Marengo CIMS Hospital

**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**
**Published on 25th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**
**Postal Registration No. AHD-C/100/2023-2025 issued by SSP Ahmedabad valid upto 31st December, 2025**

**If Undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Call : 1800 309 9999

**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ

## મૈરિંગો સિમ્સમાં નેફ્રોલોજિસ્ટની ટીમ સતત વધી રહી છે

કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ ડૉ. હિતેશ દેસાઈએ નેફ્રોલોજીના ક્ષેત્રમાં 3 વર્ષથી વધુના અનુભવ સાથે અમારા ડિપાર્ટમેન્ટને મજબૂત બનાવ્યો છે. ડો. હિતેશ દેસાઈએ 500 થી વધુ રેનલ ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરી છે.

### વિશેષતા:

- કફ્ડ ટર્નલ્ડ કેથેટર ઇન્સર્શન
- ટેમ્પરરી નોન -કફ્ડ કેથેટર ઇન્સર્શન
- CAPD કેથેટર ઇન્સર્શન
- CRRT
- રેનલ (કિડની) બાયોપ્સી
- POCUS (પોર્ટેબલ અલ્ટ્રાસાઉન્ડ યુઝ)
- અલ્ટ્રાસાઉન્ડ માર્ગદર્શિત AVF કેન્યુલેશન
- એન્ડોટ્રેકિયલ ઇન્ટ્યુબેશન અને સેન્ટ્રલ લાઇન ઇન્સર્શન
- આટ્રીઅલ લાઇન ઇન્સર્શન



**ડૉ હિતેશ દેસાઈ**
MBBS, MD (જનરલ મેડિસિન), DrNB (નેફ્રોલોજી)
કન્સલ્ટન્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ નેફ્રોલોજી

**Marengo CIMS Hospital**
Off.Science City Road, Sola, Ahmedabad - 380060

JCI (USA) NABH

For emergency or appointment,
**1800 309 9999**

Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Hi-Scan Private Limited, 304, G.I.D.C. Estate, Sarkhej-Bavla Highway, Village - Changodar (Taluka – Sanand, Dist - Ahmedabad) and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**